દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ.
તારીખ :- ૧૦/૦૩/૨૦૨૬.

### રવિવારે સરેરાશ 1 લાખ પેસેન્જરની સામે ફાઈનલમાં 1.62 લાખ નોંધાયા

# ફાઈનલના દિવસે 21 હજારે પેપર ટિકિટ લીધી, મેટ્રોમાં વધુ 62 હજારની મુસાફરી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મોદી સ્ટેડિયમમાં રમાયેલી ટી-20 વર્લ્ડ કપની ફાઈનલ દરમિયાન મેટ્રોમાં પેસેન્જરોનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ફાઈનલના દિવસે 21 હજાર પેસેન્જરે પેપર ટિકિટ લીધી જ્યારે વધુ 62 હજારે મેટ્રોમાં મુસાફરી કરી હતી. મેટ્રો રેલ કોર્પોરેશને આપેલા આંકડા મુજબ ભારત અને નેધરલેન્ડ વચ્ચે 18 ફેબ્રુઆરીએ રમાયેલી મેચના દિવસે સમગ્ર રૂટ પર આખા દિવસ દરમિયાન 2.21 લાખ પેસેન્જર નોંધાયા હતા.

મેટ્રોમાં સામાન્ય રીતે રવિવારે પેસેન્જરોની સંખ્યા સરેરાશ 1 લાખની આસપાસ રહેતી હોય છે. જો કે, ભારત-ન્યૂ ઝિલેન્ડની ફાઈનલમાં મેટ્રોમાં લગભગ 1.62 લાખ પેસેન્જર નોંધાયા હતા. 20916 લોકોએ વિશેષ પેપર ટિકિટ લઈને મુસાફરી કરી હતી. ધસારાને લીધે મેટ્રો ટ્રેનનું સંચાલન રાત્રે લગભગ 2 વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવ્યું હતું.



### રેલવેની 12 સ્પેશિયલ ટ્રેનમાં 15 હજારથી વધુ લોકો અમદાવાદ પહોંચ્યા

ક્રિકેટપ્રેમીઓના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા 12 સ્પેશિયલ ટ્રેનો દોડાવાઈ હતી. આ ટ્રેનો દ્વારા 15 હજારથી વધુ લોકો અમદાવાદ પહોંચ્યા હતા અને તમામ ટ્રેનોમાં 100 ટકા કરતાં વધુ ઓક્યુપેન્સી નોંધાઈ હતી. મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને પુણે જેવા મુખ્ય સ્ટેશનોમાંથી અમદાવાદ માટે 6 સ્પેશિયલ ટ્રેનો ચલાવાઈ હતી.